રજીસ્ટર પોસ્ટ એ.ડી.

ક્રમાંક:મ.આ.તંત્ર/પસંદગી સમિતિ/૧૨૦૪
અધિક્ષક ઈજનેર
મધ્યસ્થ આલેખન તંત્ર,
૯/૨ ,ડો જીવરાજ મહેતા ભવન ,
ગાંધીનગર
તા:૧૯/૭/૨૦૧૪

દફ્તરી હુકમ નંબર: ૩૮૨ સને ૨૦૧૪

વિષય: અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ ની જગ્યા ઉપર નિમણૂંક કરવા બાબત..

અનું. : સરકારશ્રીના નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,ગાંધીનગરના પત્ર ક્રમાંક: આર.ઓ.એસ.-૧૮૨૦૧૪-૦૧-ઈ-૫, તા:૫-૭-૨૦૧૪

:: હુ ક મ ::

સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અને નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની સંયુક્ત પસંદગી સમિતિ ધ્વારા અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ ની ભરતી માટેની જાહેરાત ક્રમાંક **RBD/201314/1** અન્વયે તૈયાર કરેલ મેરીટ લીસ્ટ મુજબ નીચે જણાવેલ ઉમેદવારોને તેમના શારિરીક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર સંબંધિત જિલ્લાની સરકારી સીવીલ હોસ્પીટલના સીવીલ સર્જન પાસેથી મેળવી રજૂ કરે તથા ચારિત્ર્ય અને પુર્વવૃતાંતમાં કશું વિરૂધ્ધ નહીં હોય તે શરતે, તેઓ નિમણૂંક પર જોડાય તે તારીખથી સીધી ભરતીથી કરાર આધારિત ફીક્સ પગારથી અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ તરીકે નિમણૂંક આપવા માટે સરકારશ્રીનાં નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનાં સંદર્ભમાં દર્શાવેલ હુકમથી મંજુરી મળેલ છે. નાણાં વિભાગના તા:૧૬-૨-૨૦૦૬, તા:૧-૮-૨૦૦૬ તથા તા:૬-૧૦-૨૦૧૧ ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગના તા:૪-૬-૨૦૦૯ નાં ઠરાવની જોગવાઇઓને આધિન જે બોલીઓ/શરતો/ નિયમો નક્કી કરેલ છે જે આ સાથે પત્રક-૧ માં સામેલ છે, તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી ધ્વારા નક્કી કરવામાં આવે તે બોલીઓ/ શરતો/નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવર્તમાન જોગવાઇઓને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે માસિક રૂા.૧૦,૦૦૦/- (રૂા. દશ હજાર) ના ફિક્સ વેતનના ધોરણે અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ તરીકે તેમના નામની સામે દર્શાવેલ વર્તુળમાં આથી નિમણૂંક કરવાના આદેશ કરવામાં આવે છે. આ સિવાય અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. ત્યારબાદ પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયાની ખાત્રી થયા બાદ પગાર ધોરણ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે-૪૪૦૦) ના પગાર ધોરણમાં રૂા.૯૩૦૦/- ના મુળ પગાર તથા નિયમ પ્રમાણે મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સાથે અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ ની જગ્યાએ ઉપલબ્ધ જગ્યા સામે ક્રમાનુસાર સમાવેશ કરવામાં આવશે.

| અનુ.નં | ઉમેદવારનું નામ | નિમણુંકની જગ્યા /વર્તુળ કચેરીનું નામ |
|---|---|---|
| ૧ | યુગલ રમેશભાઈ બીસેન<br>બી/૩૬,ધનશ્યામ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટી પાછળ, ન્યુ સમા રોડ,<br>વડોદરા. પીન :૩૯૦૦૦૮ | વડોદરા સિંચાઈ વર્તુળ,વડોદરા<br>ન્યુ કોઠી બિલ્ડીંગ,<br>વડોદરા-૩૯૦૦૦૧. |

| | | |
|---|---|---|
| ૨ | હંઝાલા નરુદ્દીન મસી<br>મેમણ કોલોની, પોલો ગ્રાઉન્ડ, મેમણ મજ્જીદ પાછળ<br>હિંમતનગર. જી.સાબરકાંઠા, પીન: ૩૮૩૦૦૦૧ | હિંમતનગર સિચાઈ યોજના વર્તુળ ,<br>સિંચાઇ ભવન, છાપરીયા ચાર રસ્તા,<br>હિંમતનગર - ૩૮૩૦૦૧. |
| ૩ | પાર્થ વસંતકુમાર ઉપાધ્યાય<br>૭, લવકુશ નગર સોસાયટી, ઇન્દ્રજીત ડુપ્લેક્ષ પાસે<br>કલા દર્શન ચાર રસ્તા, વાઘોડીયા રોડ, વડોદરા.<br>પીન: ૩૯૦૦૧૯ | વડોદરા સિંચાઈ વર્તુળ,<br>ન્યુ કોઠી બિલ્ડીંગ,<br>વડોદરા-૩૯૦૦૦૧. |
| ૪ | સિરાઝમોહંમદ ઈસ્માઈલભાઈ માકણોજીયા<br>મુ.પો.ચાંડોતર, તા.પાલનપુર,<br>જી.બનાસકાંઠા. પીન: ૩૮૫૦૦૧ | સુજલામ સુફલામ વર્તુળ નં.૨ ,<br>ગણપત યુનિવર્સીટી પાસે,<br>ખેરવા (મહેસાણા) |
| ૫ | મિતુલ હર્ષદભાઈ પટેલ<br>૩૧, વનદેવી બંગલોઝ, સ્મૃતિમંદિર પાસે,<br>ઘોડાસર અમદાવાદ. પીન : ૩૮૦૦૫૦ | અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ,<br>બ્લોક નં.એ/૯, બહુમાળી ભવન, વસ્ત્રાપુર સરકારી<br>વસાહત પાસે,ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ-૩૮૦૦૫૨ |
| ૬ | અનીલ નાનજીભાઈ કણઝારીયા<br>કબીર નગર , કલ્યાણપુર ,જામ કલ્યાણ પુર<br>જી.દેવ ભૂમિ દ્વારકા, પીન ૩૬૧૩૨૦ | રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ ,<br>૨/૫ એમ.એસ.બિલ્ડીંગ નં-૨,<br>રેસ કોર્સ ,રાજકોટ |
| ૭ | અતુલ દયાશંકર પાંડે<br>૫, અરૂણોદય સોસાયટી, મોડાસા.જી અરવલ્લી | હિંમતનગર સિચાઈ યોજના વર્તુળ ,<br>સિંચાઇ ભવન, છાપરીયા ચાર રસ્તા, હિમતનગર<br>૩૮૩૦૦૧. |
| ૮ | વંદિતકુમાર જીતેન્દ્રકુમાર જોષી<br>૫૦/૪૨૫, શ્રેયાંસ એપાર્ટમેન્ટ લક્ષ્મીનગર(GHB),<br>સમતા રોડ, સુભાનપુરા, વડોદરા.પીન : ૩૯૦૦૨૩ | વડોદરા સિંચાઈ વર્તુળ,<br>ન્યુ કોઠી બિલ્ડીંગ,<br>વડોદરા-૩૯૦૦૦૧. |
| ૯ | હર્ષદભાઈ પ્રવીણભાઈ પઢિયાર<br>મુ.પો.ઉમરીયા, તા.પાદરા, જી.વડોદરા. | વડોદરા સિંચાઈ વર્તુળ,વડોદરા<br>ન્યુ કોઠી બિલ્ડીંગ, વડોદરા-૩૯૦૦૦૧. |
| ૧૦ | હાર્દિક પરશોતમભાઈ ગમઢા<br>મુ.મોટા ભંડારીયા, વાયા બાબાપુર<br>તા, જી.અમરેલી. પીન : ૩૬૫૬૧૦ | ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ<br>એસ-૩, જીલ્લા સેવા સદન-૨,<br>ભાવનગર. |
| ૧૧ | જનક પ્રકાશભાઈ મામતોરા<br>ફ્લેટ નં.૨૦૪, શ્રીનાથજી કોમ્પ્લેક્ષ, હાઇટેન્શન રોડ,<br>સુભાનપુરા. વડોદરા .પીન : ૩૯૦૦૨૩ | વડોદરા સિંચાઈ વર્તુળ,<br>ન્યુ કોઠી બિલ્ડીંગ,<br>વડોદરા-૩૯૦૦૦૧. |
| ૧૨ | હરદેવ હરગોવનભાઇ શર્મા<br>૩૦૦, દાદાજી સન નગર સોસાયટી, હાઈવે પાસે<br>સિધ્ધપુર, જી.પાટણ.પીન : ૩૮૪૧૫૧ | સુજલામ સુફલામ વર્તુળ નં.૨ ,<br>ગણપત યુનિવર્સીટી પાસે, ખેરવા (મહેસાણા) |
| ૧૩ | ધનરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા<br>પંડ્યા શેરી નંદન પાર્ક<br>રામેશ્વર નગર, જામનગર. | રાજકોટ સિંચાઈ વર્તુળ ,રાજકોટ,<br>જીલ્લા સેવા સદન-૨ પાસે,<br>રેસકોર્સ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. |

| | | |
|---|---|---|
| ૧૪ | જતિનકુમાર અમૃતભાઈ પ્રજાપતિ<br>બ્રહ્માણી નગર સોસાયટી,મુ.પો.ગાંભોઇ,<br>તા.હિંમતનગર, જી.સાબરકાંઠા. પીન : ૩૮૩૦૩૦ | હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ ,<br>હિંમતનગર સિંચાઇ ભવન, છાપરીયા ચાર રસ્તા,<br>૩૮૩૦૦૧. |
| ૧૫ | તુષાર કુંવરજીભાઈ સાપરીયા<br>૪, મારૂતી સોસાયટી પાણીની ટાંકી પાસે, ઘાટલોડીયા<br>અમદાવાદ. પીન: ૩૮૦૦૬૧ | અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ,<br>બ્લોક નં.એ/૯, બહુમાળી ભવન, વસ્ત્રાપુર સરકારી<br>વસાહત પાસે,ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ.૩૮૦૦૫૨ |
| ૧૬ | ગીરીશકુમાર અમૃતલાલ મેવાડા<br>મુ.રતનપુર, લોકનિકેતન, તા.પાલનપુર,<br>જી.બનાસકાંઠા. પીન : ૩૮૫૦૦૧ | સુજલામ સુફલામ વર્તુળ નં.૨<br>ગણપત યુનિવર્સીટી પાસે, ખેરવા (મહેસાણા) |
| ૧૭ | દિલીપ જેરામભાઈ લખતરીયા<br>પોલીસ લાઇન પાસે, હળવદ, જી.સુરેંદ્રનગર.<br>પીન-૩૬૩૩૩૦. | રાજકોટ સિંચાઈ વર્તુળ<br>જીલ્લા સેવા સદન-૨ પાસે, રેસકોર્સ રોડ, રાજકોટ-<br>૩૬૦૦૦૧. |
| ૧૮ | દર્શન અશોકભાઈ મારુ<br>૧, ગાંધીસ્મૃતિ સોસાયટી, શેરી નં.૩,આર.કે.સ્ટુડીઓ<br>વાળી ગલી , પેડકરોડ , રાજકોટ .પીન : ૩૬૦૦૦૩ | રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ ,<br>૨/૫ એમ.એસ.બિલ્ડીંગ નં-૨,<br>રેસ કોર્સ ,રાજકોટ |
| ૧૯ | નાગજીભાઈ વેલજીભાઈ દેસાઈ<br>રબારીવાસ, મુ.દાસજ, તા.ઉંઝા, જી.મહેસાણા.<br>પીન : ૩૮૪૧૭૦ | સુજલામ સુફલામ વર્તુળ નં.૨<br>ગણપત યુનિવર્સીટી પાસે, ખેરવા (મહેસાણા) |
| ૨૦ | ધર્મેશ દેવશીભાઈ સેજુ<br>કુળદેવી કૃપા, ખોડીયાર પાર્ક સોસાયટી, મહુવા રોડ,<br>સાવરકુંડલા, જી.અમરેલી.પીન : ૩૬૪૫૧૫ | ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ ,<br>એસ-૩, જીલ્લા સેવા સદન-૨, ભાવનગર. |
| ૨૧ | પ્રહલાદભાઈ અરજણભાઈ રાવલ<br>મુ.ભીમપુરા, તા.વિજાપુર, જી.મહેસાણા.<br>પીન : ૩૮૨૮૭૫ | ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ<br>બ્લોક સી, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬,<br>ગાંધીનગર. |
| ૨૨ | હિરેનકુમાર ચંદુભાઈ વાજા<br>મુ.મોટા આંકડીયા, દેના બેંક પાસે, વાયા લુણીધર,<br>તા.જી અમરેલી-૩૬૫૪૫૫. | ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ<br>એસ-૩, જીલ્લા સેવા સદન-૨,<br>ભાવનગર. |
| ૨૩ | કૃમનકુમાર મનસુખભાઈ ટાંક<br>મુ.ઇવનગર,વાયા ટીંબાવાડી , તા.જી.જુનાગઢ.<br>પીન: ૩૬૨૦૧૫ | રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ<br>૩/૭, જીલ્લા સેવા સદન-૨, રેસકોર્સ,<br>રાજકોટ-૩૬૦૦૦૧. |
| ૨૪ | જયંતીભાઈ મોતીભાઈ પરમાર<br>મુ.પો.મોટા ગોરૈયા, તા.વિરમગામ, જી.અમદાવાદ.<br>પીન : ૩૮૨૧૫૦ | અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ,<br>બ્લોક નં.એ/૯, બહુમાળી ભવન, વસ્ત્રાપુર સરકારી<br>વસાહત પાસે,ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ-૩૮૦૦૫૨ |
| ૨૫ | ભાનુપ્રિયા કિશોરસિંહ સોલંકી<br>બી-૧૧૨, ઇફ્કો કોલોની,ગાંધીધામ,<br>જી.કચ્છ. પીન : ૩૭૦૨૦૩ | કચ્છ સિંચાઈ વર્તુળ<br>સિંચાઇ સદન, જ્યુબીલી ગ્રાઉન્ડ પાસે,<br>ભૂજ-૩૭૦૦૦૧. |

| | | |
|---|---|---|
| ૨૬ | રૂપલ અશોકભાઈ વેકરીયા<br>સી-૫૨, સનરાઇઝ પાર્ક, જીવનવાડી સામે<br>નિકોલ રોડ, અમદાવાદ. પીન : ૩૮૨૩૫૦ | અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ,<br>બ્લોક નં.એ/૯, બહુમાળી ભવન, વસ્ત્રાપુર સરકારી વસાહત પાસે,ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ-૩૮૦૦૫૨ |
| ૨૭ | ચિરાગકુમાર લક્ષ્મણભાઈ ગામીત<br>મુ.પો.ધાટ દક્ષીણ ફળીયા,તા.વ્યારા , જી.તાપી.<br>પીન : ૩૯૪૬૫૫ | ઉકાઈ(સિવિલ) વર્તુળ<br>ઉકાઇ ડેમ, જી.તાપી, પીન-૩૯૪૬૮૦ |
| ૨૮ | વીરેન્દ્રકુમાર સવજીભાઈ ગરાસિયા<br>મુ.સેવણીયા પો લીમડી, તા.ઝાલોદ, જી.દાહોદ<br>પીન : ૩૮૯૧૮૦. | કડાણા યોજના વર્તુળ<br>દિવડા કોલોની, તા.કડાણા, જી.પંચમહાલ.<br>પીન-૩૮૯૨૫૦. |
| ૨૯ | દિશા જયેશભાઈ કુવરાણી<br>નિલકંઠ પ્લોટ નં.૨૦/એ, ગૌરવ દૂધ પાસે , ક્રીસ્ટલ ફ્લેટ સામે, અનંત વાડી, ભાવનગર.પીન : ૩૬૪૦૦૧ | ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ<br>એસ-૩, જીલ્લા સેવા સદન-૨,<br>ભાવનગર. |
| ૩૦ | કમલ હરેશકુમાર ચૌધરી<br>૮, આવિશ્કાર રો હાઉસીસ, દિપાંજલી સોસાયટી સામે,<br>પાલનપુર જકાત નાકા, જી.સુરત. પીન : ૩૯૫૦૦૯ | ઉકાઈ(સિવિલ) વર્તુળ ,ઉકાઈ<br>ઉકાઇ ડેમ, જી.તાપી,<br>પીન-૩૯૪૬૮૦. |
| ૩૧ | મીતાલીબેન રમેશભાઈ પટેલ<br>પરનેરા, પારડી, સર્વોદય ફળીયા,<br>તા.જી.વલસાડ. પીન : ૩૯૬૦૦૧ | દમણગંગા યોજના વર્તુળ,<br>દમણગંગા ભવન, બીજો માળ, જીલ્લા સેવા સદન-૧ પાછળ, વલસાડ-૩૯૬૦૦૧. |
| ૩૨ | જિજ્ઞાસા કનુભાઈ રાજપુરીયા<br>૩૭, મહુડી મહાવીર સોસાયટી, ડી-કેબીન,<br>સાબરમતી, અમદાવાદ. પીન : ૩૮૦૦૧૯ | અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ,<br>બ્લોક નં.એ/૯, બહુમાળી ભવન, વસ્ત્રાપુર સરકારી વસાહત પાસે,ડ્રાઇવ ઇન રોડ,અમદાવાદ-૩૮૦૦૫૨ |
| ૩૩ | પીનલ દિનેશકુમાર પટેલ<br>એ/૪, પ્રીયદર્શની એપાર્ટમેંટ પ્રીતમ સોસાયટી-૨<br>ઝાડેશ્વર રોડ , ભરૂચ. પીન : ૩૯૨૦૦૧ | વડોદરા સિંચાઈ વર્તુળ,<br>ન્યુ કોઠી બિલ્ડીંગ,<br>વડોદરા-૩૯૦૦૦૧. |
| ૩૪ | હેતલ કનુભાઈ વસાવા<br>એ/૩, મનસ્વી સોસાયટી, પુનમ કોપ્લેક્ષ પાસે,<br>વાઘોડીયા રોડ, વડોદરા. પીન : ૩૯૦૦૧૯ | વડોદરા સિંચાઈ વર્તુળ,<br>ન્યુ કોઠી બિલ્ડીંગ,<br>વડોદરા-૩૯૦૦૦૧. |
| ૩૫ | મનીષાબેન મનસુખભાઈ પટેલ<br>સી/૧૬, સરકારી ક્વાર્ટ્સ, પાનવાડી રોડ, વ્યારા,<br>જી.તાપી. પીન : ૩૯૪૬૫૦ | ઉકાઈ(સિવિલ) વર્તુળ ,<br>ઉકાઇ ડેમ, જી.તાપી,<br>પીન-૩૯૪૬૮૦. |

૨. આ ઉમેદવારોએ આ હુકમ મળ્યા તારીખથી ૧ માસની અંદર આપેલી નિમણૂંક પર હાજર થવાનું રહેશે. તેઓની માંહે માંહેની (Inter-se-Seniority) અગ્રતાક્રમ પસંદગી સમિતિએ તૈયાર કરેલ મેરીટ લીસ્ટ મુજબનો રહેશે. નોકરીમાં અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ તરીકે હવાલો સંભાળવાની તારીખને નોકરીમાં જોડાયાની તારીખ તરીકે ગણવામાં આવશે. નિયત સમય મર્યાદામાં હાજર નહીં થનારના નિમણૂંકના હુકમો રદ્દ થવાને પાત્ર બનશે.

૩. આ ઉમેદવારોએ ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઇપણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. નોકરી બદલીપાત્ર છે, અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેમની બદલી કરવામાં આવશે. તેમજ જરૂર જણાય તો ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલ કોઇપણ સંરક્ષણ સેવા અથવા તેને લગતી જગ્યાએ સેવા આપવી પડશે.

૪. આ ઉમેદવારોએ જે તે સમયે અમલમાં હોય તેવા સરકારી નિયમોને આધિન નિયત કરેલા ધોરણસર હિંન્દી તેમજ ખાતાકીય/ધંધાકીય પરીક્ષામાં નિયત સમય મર્યાદામાં ઉતીર્ણ થવાનું રહેશે. જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેઓએ સરકારે નિયત કરેલ ધોરણ મુજબ ગુજરાતી ભાષાની પરીક્ષા પસાર કરવાની રહેશે.

૫. ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો ૨૦૦૬ ની જોગવાઇ અનુસાર કોમ્પ્યુટર કૌશલ્ય જ્ઞાન (સીસીસી) અથવા તેને સમકક્ષ પરીક્ષા પાસ કરેલ નહીં હોય તો નિયત સમય મર્યાદામાં અચૂક પાસ કરવાની રહેશે. તથા સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. આ ઉમેદવારો જો નિયત પરીક્ષાઓ નિયત કરેલા સમયમાં અને નિયત કરેલ તકોમાં પસાર કરવામાં નિષ્ફળ થશે અથવા જો કરારીય સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીઓએ મોકલાવેલ અહેવાલના આધારે જો તેમની કામગીરી સંતોષકારક નહીં જણાય તો,

(૧) કરારીય સમય દરમ્યાન કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. એટલે કરારીય સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ (Partly Temporary ) ગણાશે. જરૂર જણાયે કરારીય સમયની મુદત વધારવામાં આવશે. જે અંગે અલગ રીતે હુકમો કરવામાં આવશે.

૭. સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓએ તેમને ફાળવેલ અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ માટે નીચે પ્રમાણેની ખાત્રી કરી પછી જ નિમણૂંકના વિગતવાર હુકમો તુરત જ બહાર પાડવા વિનંતી છે.

(૧) સંબંધિત ઉમેદવારના એસ.એસ.સી તથા ડીપ્લોમાં (સીવીલ) માર્કશીટના આધારે શૈક્ષણિક લાયકાત / જન્મ તારીખ / જાતિ અંગેના અસલ પ્રમાણપત્રો ચકાસવા અને બરાબર જણાય તો જ તેમને વિગતવાર નિમણૂંક આપવી તેમાં કોઇ ફેરફાર હોય તો તેવા ઉમેદવારને નિમણૂંક આપવી નહીં અને આ બાબતની જાણ અલાયદા પત્રથી સરકારશ્રીમાં કરવી.

(૨) સરકારશ્રીનાં પત્રમાં જણાવ્યા મુજબ પસંદગી સમિતિમાં નામો પસંદગી માટે મંગાવેલ તે વખતે તા:૧૦-૨-૨૦૧૪ ના રોજ ઉમેદવારની વયમર્યાદા ૧૮ વર્ષથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ નહીં તથા મુળ ગુજરાતના હોય તેવા અનું.જાતિ, અનું.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોનાં કિસ્સામાં પાંચ (૫) વર્ષની છુટછાટ ગણવાની રહેશે.

વિકલાંગ ઉમેદવારોને સા.વ.વિ.ના તા:૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/ ૪૬૯૫૪૦/ગ-૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ/ સીવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન

રહીને ઉપલી વય મર્યાદા ૧૦ (દસ) વર્ષની છુટછાટ ગણવાની રહેશે.

સા.વ.વિ.ના તા:૨૨-૫-૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાંચ (૫) વર્ષ છુટછાટ ગણવાની રહેશે.

માજી. સૈનિકો કે જેઓએ જળવાયુ અને ભૂમિ આર્મડ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી. તે મતલબનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક માં તા:૩૧-૩-૨૦૧૪ ના રોજ પુરા થયેલ ૨૦૧૩-૧૪ ના નાણાંકીય વર્ષની આવકને ધ્યાને લઇ યોગ્ય સત્તાધિકારીએ આપેલ અદ્યતન નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના સ્થાને એનેક્ષર-એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં. આ પ્રમાણપત્ર અસલમાં ચકાસવાનું રહેશે.

(૩) ઉમેદવારે નિમણુંકવાળી જગ્યાએ હાજર થતાં પહેલા આ અગાઉ સરકારી/અર્ધસરકારી ફરજ બજાવી હોય તો અગાઉની સરકારી/અર્ધ-સરકારી નોકરી છોડીને તે સેવામાંથી ફરજમુક્ત કરવામાં આવ્યા છે. તે મતલબના હુકમો મેળવ્યા પછી જ હાજર કરવાના રહેશે.

(૪) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા:૩-૧૨-૧૯૮૬ ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર-૧૧૮૬/યુઓ-૨૨૪૪-ગ-૨, મુજબના સોગંદ લેવડાવવાનાં રહેશે. તે મુજબ સોગંદ લીધા સિવાય કોઇને નોકરીમાં હાજર થવા દેવા નહીં.

(૫) ઉમેદવારોના અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ તરીકેના વિગતવાર નિમણૂંક કરતા હુકમો તુર્તજ આપવાની જવાબદારી જે તે અધિક્ષક ઇજનેરશ્રીની રહેશે. તથા ઉમેદવારોની હાજર થયાની તારીખ (બપોર પહેલાં/ પછી ) ની જાણ આ કચેરીને તથા સરકારશ્રીમાં કરવાની રહેશે,

(૬) જે ઉમેદવારો પોતાની ફરજ ઉપર નિયત સમયમાં હાજર થયા હોય તેવા ઉમેદવારોની હાજર તારીખ તથા જે ઉમેદવારો નિયત સમયમાં હાજર ન થયા હોય તેવા સર્વે ઉમેદવારોના નામ તાત્કાલિક અત્રેની કચેરીને તથા સરકારશ્રીમાં નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને જાણ કરવા વિનંતી છે.

૮. ઉમેદવારોને ગુજરાત સરકારના પ્રવર્તમાન ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ અને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ અને ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ લાગુ પડશે.

૯. પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયાની ખાત્રી થયા બાદ અને નિયમિત નિમણૂંક માટે જરૂરી પાત્રતા ધરાવતા હશે તો રૂ.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે રૂ.૪૪૦૦/-) ના નિયમિત પગાર ધોરણમાં રૂ.૯૩૦૦/- ના મુળ પગાર તથા નિયમપ્રમાણે મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સાથે અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ ની જગ્યાએ ઉપલબ્ધ જગ્યા સામે ક્રમાનુસાર સમાવેશ કરવામાં આવશે.

૧૦. ફિક્સ પગારમાંથી કરાર આધારિત નિમણૂંકનો નિર્ધારિત સમયગાળો પુરો થયા પછી સંબંધિત જગ્યાના સીધી ભરતી માટેના રોસ્ટર રજીસ્ટરમાં આવી નિમણૂંકો યોગ્ય રીતે દર્શાવવાની રહેશે.

૧૧. સદર જગ્યાની નિમણૂંક રાજ્ય સરકાર ધ્વારા સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ. એલ.પી. નંબર-૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચૂકાદાને આધિન રહેશે.

બિડાણ: પત્રક -૧,૨,3

જા.નં.મઆતંત્ર/પસંદગી સમિતિ/ ૧૨૦૪/૨૦૧૪
અધીક્ષક ઇજનેરશ્રીની કચેરી,
મધ્યસ્થ આલેખન તંત્ર,
બ્લોક નં.૯, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા: ૧૯/૦૭/૨૦૧૪.

(આર.જી.ભટ્ટ)
અધિક્ષક ઇજનેર
મધ્યસ્થ આલેખન તંત્ર
ગાંધીનગર.

**નકલ સાદર રવાના પ્રતિ,**

- માન મંત્રીશ્રી (જ.સં.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (જ.સં.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન સચિવશ્રી (જ.સં.)ના અંગત મદદનીશશ્રી, નર્મદા જળ સંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નર્મદા જળ સંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય ગાંધીનગર.

**નકલ જયભારત સહ (જરૂરી દસ્તાવેજોની ચકાસણી, વિગતવાર નિમણુંક તથા આગળની કાર્યવાહી અર્થે) રવાના પ્રતિ,**

- અધીક્ષક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ.
- અધીક્ષક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ.
- અધીક્ષક ઈજનેરશ્રી, રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, રાજકોટ.
- અધીક્ષક ઈજનેરશ્રી, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, ભાવનગર
- અધીક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, ગાંધીનગર.
- અધીક્ષક ઈજનેરશ્રી, કચ્છ સિંચાઈ વર્તુળ, ભુજ
- અધીક્ષક ઈજનેરશ્રી, કડાણા યોજના વર્તુળ, દિવડા કોલોની
- અધીક્ષક ઈજનેરશ્રી, વડોદરા સિંચાઈ વર્તુળ, વડોદરા
- નકલ રવાના પ્રતિ, અધીક્ષક ઈજનેરશ્રી, અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ, અમદાવાદ
- નકલ રવાના પ્રતિ, અધીક્ષક ઈજનેરશ્રી, સુજલામ સુફલામ યોજના વર્તુળ નં-૨,મહેસાણા
- નકલ રવાના પ્રતિ, અધીક્ષક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ,વલસાડ
- નકલ રવાના પ્રતિ, અધીક્ષક ઈજનેરશ્રી, હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ, હિંમ્મતનગર
- નકલ રવાના પ્રતિ, અધીક્ષક ઈજનેરશ્રી, ઉકાઈ (સિવિલ) વર્તુળ ,ઉકાઈ

નકલ રવાના પ્રતિ,

- નકલ રવાના પ્રતિ, શ્રી યુગલ રમેશભાઈ બીસેન, બી/૩૬,ઘનશ્યામ પાર્ક સોસાયટી, આકાશ ગંગા સોસાયટી પાછળ, ન્યુ સમા રોડ, વડોદરા.
- નકલ રવાના પ્રતિ, શ્રી હંઝાલા નુરુદ્દિન મસી મેમણ, મજ્જીદ પાસે, મેમણ કોલોની, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર.
- નકલ રવાના પ્રતિ, શ્રી પાર્થ વસંતકુમાર ઉપાધ્યાય, ૭, લવકુશ નગર સોસાયટી, ઇન્દ્રજીત ડુપ્લેક્ષ પાસે કલા દર્શન ચાર રસ્તા, વાઘોડીયા રોડ, વડોદરા.
- નકલ રવાના પ્રતિ, શ્રી સિરાઝમોહંમદ ઈસ્માઈલભાઈ માકાનોઝીયા મુ.પો.ચાંડોતર, તા.પાલનપુર, જી.બનાસકાંઠા.
- નકલ રવાના પ્રતિ, શ્રી મિતુલ હર્ષદભાઈ પટેલ, ૩૧, વનદેવી બંગલો સ્મૃતિમંદિર પાસે,ઘોડાસર અમદાવાદ.
- નકલ રવાના પ્રતિ, શ્રી અનીલ નાનજીભાઈ કણઝારીયા, કબીર નગર ,કલ્યાણ પુર તા.જામ કલ્યાણ પુર જી.દેવ ભૂમિ દ્વારકા .
- નકલ રવાના પ્રતિ, શ્રી અતુલ દયાશંકર પાંડે, ૫, અરૂણોદય સોસાયટી, મોડાસા. જી.અરવલ્લી
- નકલ રવાના પ્રતિ, શ્રી વંદિતકુમાર જીતેન્દ્રકુમાર જોષી, ૫૦/૪૨૫, શ્રેયાંસ એપાર્ટમેન્ટ લક્ષ્મીનગર, સમતા રોડ, સુભાનપુરા, વડોદરા.
- નકલ રવાના પ્રતિ, શ્રી હર્ષદભાઈ પ્રવીણભાઈ પઢિયાર, મુ.પો.ઉમરીયા, તા.પાદરા, જી.વડોદરા.
- નકલ રવાના પ્રતિ, શ્રી હાર્દિક પરશોતમભાઈ ગમઢા, મુ.મોટા ભંડારીયા, વાયા બાબાપુર તાલુકા, જી.અમરેલી.
- નકલ રવાના પ્રતિ, શ્રી જનક પ્રકાશભાઈ મામતોરા, ફ્લેટ નં.૨૦૪, શ્રીનાથજી કોમ્પ્લેક્ષ, હાઇટેન્શન રોડ, સુભાનપુરા,વડોદરા.
- નકલ રવાના પ્રતિ, શ્રી હરદેવ હરગોવનભાઇ શર્મા, ૩૦૦, દાદાજી સન નગર સોસાયટી,હાઈવે પાસે સિધ્ધપુર, જી.પાટણ.
- નકલ રવાના પ્રતિ, શ્રી ધનરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, પંડ્યા શેરી ,નંદન પાર્ક , રામેશ્વર નગર, જામનગર.
- નકલ રવાના પ્રતિ, શ્રી જતિનકુમાર અમૃતભાઈ પ્રજાપતિ, બ્રમ્હાણી નગર સોસાયટી , મુ.પો.ગાંભોઇ, તા.હિંમતનગર, જી.સાબરકાંઠા.
- નકલ રવાના પ્રતિ, શ્રી તુષાર કુંવરજીભાઈ સાપરીયા, ૪, મારૂતી સોસાયટી પાણીની ટાંકી પાસે, ઘાટલોડીયા અમદાવાદ.
- નકલ રવાના પ્રતિ, શ્રી ગીરીશકુમાર અમૃતલાલ મેવાડા, મુ.રતનપુર, લોકનિકેતન, તા.પાલનપુર, જી.બનાસકાંઠા.
- નકલ રવાના પ્રતિ, શ્રી દિલીપ જેરામભાઈ લખતરીયા, પોલીસ લાઇન પાસે, હળવદ, જી.સુરેંદ્રનગર. પીન-૩૬૩૩૩૦.
- નકલ રવાના પ્રતિ, શ્રી દર્શન અશોકભાઈ મારુ, ૧, ગાંધીસ્મૃતિ સોસાયટી, શેરી નં.૩, પેડકરોડ, રાજકોટ.
- નકલ રવાના પ્રતિ, શ્રી નાગજીભાઈ વેલજીભાઈ દેસાઈ, રબારીવાસ, મુ.દસજ, તા.ઉંઝા, જી.મહેસાણા.
- નકલ રવાના પ્રતિ, શ્રી ધર્મેશ દેવશીભાઈ સેજુ, કુળદેવી કૃપા, ખોડીયાર પાર્ક સોસાયટી, મહુવા રોડ, સાવરકુંડલા, જી.અમરેલી.

- નકલ રવાના પ્રતિ, શ્રી પ્રહલાદભાઈ અરજણભાઈ રાવલ, મુ.ભીમપુરા, તા.વિજાપુર, જી.મહેસાણા.
- નકલ રવાના પ્રતિ, શ્રી હિરેનકુમાર ચંદુભાઈ વાજા, મુ.મોટા આંકડીયા, દેના બેંક પાસે, વાયા લુણીધર, અમરેલી- ૩૬૫૪૫૫.
- નકલ રવાના પ્રતિ, શ્રી કૃમાંનકુમાર મનસુખભાઈ ટાંક, મુ.ઇવનગર વાયા ટીમ્બાવાડી, તા .જી.જુનાગઢ.
- નકલ રવાના પ્રતિ, શ્રી જયંતીભાઈ મોતીભાઈ પરમાર, મુ.પો.મોટા ગોરયા, તા.વિરમગામ, જી.અમદાવાદ.
- નકલ રવાના પ્રતિ, ભાનુપ્રિયા કિશોરસિંહ સોલંકી, બી-૧૧૨, ઇફ્કો કોલોની, ગાંધીધામ, જી.કચ્છ.
- નકલ રવાના પ્રતિ, રૂપલ અશોકભાઈ વેકરીયા,સી-૫૨, સનરાઇઝ પાર્ક, જીવનવાડી, નિકોલ રોડ, અમદાવાદ.
- નકલ રવાના પ્રતિ, શ્રી ચિરાગકુમાર લક્ષ્મણભાઈ ગામીત, મુ.પો.ઘાટ, દક્ષીણ ફળીયા,તા.વ્યારા , જી.તાપી.
- નકલ રવાના પ્રતિ, શ્રી વીરેન્દ્રકુમાર સવજીભાઈ ગરાસિયા,મુ.સેવણીયા, તા.ઝાલોદ, જી.દાહોદ.
- નકલ રવાના પ્રતિ, દિશા જયેશભાઈ કુવરાણી, નિલકંઠ પ્લોટ નં.૨૦/એ, ક્રીસ્ટલ ફ્લેટ સામે, અનંત વાડી, ભાવનગર.
- નકલ રવાના પ્રતિ, શ્રી કમલ હરેશકુમાર ચૌધરી, ૮, આવિશ્કાર રો હાઉસીસ, દિપાંજલી સોસાયટી સામે, પાલનપુર જકાત નાકા, જી.સુરત.
- નકલ રવાના પ્રતિ, મીતાલીબેન રમેશભાઈ પટેલ,પરનેરા પારડી, સર્વોદય ફળીયા, તા.જી.વલસાડ.
- નકલ રવાના પ્રતિ, જિજ્ઞાસા કનુભાઈ રાજપુરીયા,૩૭, મહુડી મહાવીર સોસાયટી, ડી-કેબીન, સાબરમતી,અમદાવાદ.
- નકલ રવાના પ્રતિ, પીનલ દિનેશકુમાર પટેલ, એ/૪, પ્રીયદર્શની એપાર્ટમેંટ પ્રીતમ સોસાયટી-૨ પાછળ, ઝાડેશ્વર રોડ, ભરૂચ.
- નકલ રવાના પ્રતિ, હેતલ કનુભાઈ વસાવા,એ/૩, મનસ્વી સોસાયટી, પુનમ કોમ્પ્લેક્ષ પાસે, વાઘોડીયા રોડ, વડોદરા.
- નકલ રવાના પ્રતિ, મનીષાબેન મનસુખભાઈ પટેલ, સી/૧૬, સરકારી ક્વાર્ટ્સ , પાનવાડી રોડ, વ્યારા, જી.તાપી.
- સિલેક્ટ ફાઈલ, પસંદગી સમિતિ, મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર

:: પ ત્ર ક - ૧ ::

કરારની શરતો અને બોલીઓ નીચે મુજબ છે :

(૧) નિમણૂંક પામનાર ઉમેદવારોને માસિક ઉચ્ચક પગાર રૂા. ૧૦,૦૦૦/- મળશે. આ નિમણૂંક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદ્દત પાંચ (૫) વર્ષની રહેશે.

(૨) જગ્યાના અભાવે કે પ્રથમદર્શી રીતે પ્રસ્થાપિત થતી ગંભીર ગેર વર્તણૂંકના કારણોસર અથવા સંબંધિત જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા / ક્ષમતાના આધારે ( કે જે વાર્ષિક મુલ્યાંકન અહેવાલના આધારે પ્રસ્થાપિત થતી હોય) કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવારને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીક્સ પગારનું ચુકવણું કરી નોટીસ આપવા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. આ પ્રકારે કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવાર કરારીય સમયગાળા દરમ્યાન એક માસની નોટીસ અથવા રાજીનામું મંજુર થયા બાદ છુટા થઇ શકશે.

(૩) નિયત ફીક્સ વેતન પર કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

(૪) કરારના સમય દરમ્યાન ઉમેદવારોને ફીક્સ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થું વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવાવિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

(૬) કરારના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીક્સ વેતનની રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે, પરંતુ બીજા કોઇ નાણાંકીય લાભ એક્સ-ગ્રેશીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) નિમણુંક પામનાર ઉમેદવારોને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. ઉમેદવારે શાખાના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહિ. જાહેર રજાના દિવસે પણ સરકારી કામગીરીની જરુરિયાને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકશે નહિ.

(૯) નિમણૂંક પામનાર ઉમેદવારોને કરાર સમય દરમ્યાન ૧૨ પરચુરણ રજા મળવાપાત્ર થશે અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ મુજબ પ્રસુત્તિની રજાઓ મળવાપાત્ર થશે.

(૧૦) નિમણૂંક પામનાર ઉમેદવારોએ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિં.

(૧૧) કરારથી નિમાનાર વ્યક્તિએ તેમને આપવામાં આવેલ કામગીરી સંદર્ભે મુસાફરી કરવાની થાય ત્યારે તેમને નિયત કરાયેલ નિયમોનુસારનું ટી.એ./ડી.એ. ની રકમ મળવાપાત્ર રહેશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ઉચ્ચક મેહનતાણાંમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણૂંકના સમય દરમ્યાન તેમણે બજાવેલી સરકારી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહિં.

(૧૬) કરાર આધારિત નિમણૂંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ પર સમાવિષ્ટ થવા માટે કોઇ હક્ક પ્રાપ્ત થશે નહિં.

(૧૭) ઉપરોક્ત શરતો નિમણૂંક પામનાર વ્યક્તિને સ્વિકાર્ય છે તે અંગેનો "સંમત્તિપત્ર" મેળવવાનું રહેશે.

(૧૮) ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવારની કામગીરીનું કરારીય સમયગાળા દરમ્યાન દર વર્ષે તુરતના ઉપર અધિકારીએ નિયત પત્રકમાં મુલ્યાંકન કરવાનું રહેશે અને સંબંધિત સમીક્ષા કરનાર અધિકારીએ આવા મુલ્યાંકનની સમીક્ષા કરવાની રહેશે. પરંતુ એક વર્ષ કરતાં ઓછો ફરજનો સમયગાળો હોય તો ફરજના સમયગાળાની કોઇપણ પ્રકારની અવધીને બાધ આવ્યા સિવાય જે તે ઉમેદવારના મુલ્યાંકન અહેવાલો સંબંધિત તુરતના ઉપરી અધિકારીએ સંબંધિત ઉમેદવારે તેમના તાબામાં જે સમયગાળા માટે ફરજો બજાવી હોય તેને ધ્યાને લઇ લખવાના રહેશે. અને તદનુસાર તેની સમીક્ષા કરવાની રહેશે.

(૧૯) ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવારને નીચેની બાબતો લક્ષમાં લઇ કરારના સમયગાળા બાદ સંબંધિત જગ્યા પર તે જગ્યાના નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

૧. ફીક્સ પગારે નિમણૂંક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મુલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગારધોરણમાં નિમણૂંક આપવા બાબતે વિચારણા કરવાની રહેશે.

૨. ફીક્સ પગારે નિમણૂંક મેળવનાર ઉમેદવારે કરારના સમયગાળા દરમ્યાન નિયત કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પસાર નહીં કરે તો આવા ઉમેદવારને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં

નિમણૂંક આપવામાં આવશે નહીં. અને તેની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

(૨૦) નિમણૂંક પામેલ ઉમેદવારની પાંચ વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા નોકરીના પાંચ વર્ષ પૂર્ણ થયેથી કરવાની રહેશે અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

(૨૧) ૧. નિમણૂંક મેળવનાર ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ/ફરજો સંતોષકારક જણાય તો પાંચ વર્ષ બાદ તેઓને જે તે સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિયમિત નિમણૂંક આપવાની રહેશે. એટલેકે પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગાર ધોરણમાં આપોઆપ પરિવર્તિત થયેલી ગણાશે. પરંતુ આ નિમણૂંક તેમની નવી નિમણૂંક ગણાશે અને તે સમયે નિયમોનુસાર મળવાપાત્ર ભથ્થા/જે તે જગ્યા ઉપર જે તારીખે નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવે તે તારીખને લક્ષમાં લઇ તેમને તે સંવર્ગમાં પ્રવરતા મળવાપાત્ર રહેશે.

૨. પ્રવરતા જે તારીખથી મળશે તે તારીખથી સંબંધિત ઉમેદવારને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે. તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગુ પડશે.

(૨૨) ઉમેદવારોને તેમના શારિરીક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર સંબંધિત જિલ્લાની સરકારી સીવીલ હોસ્પીટલના સીવીલ સર્જન પાસેથી મેળવી રજૂ કરે તથા ચારિત્ર્ય અને પુર્વવૃતાંતમાં કશું વિરૂધ્ધ નહીં હોય, તેવું જિલ્લા મેજીસ્ટ્રેટનું મેળવી રજૂ કરે તે શરતે, તેઓ નિમણૂંક પર જોડાય તે તારીખથી સીધી ભરતીથી કરાર આધારિત ફીક્સ પગારથી અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ તરીકે નિમણૂંક આપવાની રહેશે.

(૨૩) ઉમેદવારે ફીક્સ પગારથી નિમણૂંક થયા બાદ આ નિયમોમાં કોઇપણ પ્રકારના સુધારા વધારા થાય તો કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂંક મેળવનાર ઉમેદવારને તેવા સુધારા લાગુ પડશે.

## પત્રક-૨

## :: બાંહેધરી પત્રક ::

આથી હું નીચે સહી કરનાર ---------------------------------------- રહેવાસી: --------------------------- -------------------- જણાવું છું કે ---------------------------------- (વિભાગ /કચેરી/ ખાતાનું નામ દર્શાવવું) ના તા........................ ની યાદી ક્રમાંક ----------------------------- થી નિયત કરવામાં આવેલ કરાર આધારે ફીક્સ પગારથી અધિક મદદનીશ ઇજનેર(સિવિલ) ની જગ્યાની સેવાની શરતો અને બોલીઓ મે વંચાણે લીધેલ છે. અને આ શરતો અને બોલીઓ મને સંપૂર્ણ પણે કબૂલ- મંજૂર છે. તથા આ શરતો અને બોલીઓની નકલ પણ મને આપવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓ મુજબ નિમણૂક મેળવવા તથા અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) તરીકે ફરજો / જવાબદારી બજાવવા હું સંમત છું. મારી કરાર આધારીત ફીક્સ પગારથી અધિક મદદનીશ ઇજનેર(સિવિલ) તરીકેની નિમણૂક એ -------------------------------- (વિભાગ/ખાતું/કચેરીનું નામ દર્શાવવું) ના નિયમિત સરકારી કર્મચારી તરીકેની નથી તે સાથે હું સંમત છું અને કરાર આધારે ફીક્સ પગાર થી અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) તરીકેની નિમણૂકના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીઓને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભો મને મળવાપાત્ર થશે નહીં તે સાથે હું સંમત છું. અને કરાર આધારે ફીક્સ પગારથી અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) વર્ગ-૩ તરીકેના નિમણૂકના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીઓને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભોની હું માંગણી કરીશ નહીં. ઉપરોક્ત બાંહેધરી હું કોઇ પણ જાતના દાબ-દબાણ વિના અને સંપૂર્ણ સભાન અવસ્થામાં શુધ્ધ બુધ્ધિથી કરૂ છું અને તે મને કબૂલ-મંજૂર છે અને તે બદલ આજરોજ હું નીચે સહી કરી નિમણૂક સત્તાને સુપ્રત કરૂ છું.

સ્થળ :- ............................................

.....................................................

તારીખ :- ........................................ નિમણૂક મેળવનાર ઉમેદવારની સહી.

સ્થળ :- ............................................ .................................................

(સક્ષમ સત્તાધિકારીની સહી (વર્ગ-૨ કે તેથી ઉપરની કક્ષાના અધિકારી)

તારીખ :- ........................................

.....................................................

(સક્ષમ સત્તાધિકારીનું નામ / હોદ્દો)

.....................................................

(વિભાગ /ખાતું /કચેરી)

સ્થળ :- ............................................ (૧) .................................................

તારીખ :- ........................................ (૨) .................................................

**સાક્ષીની સહી.**

પત્રક-૩

:: બાંહેધરી ::

વિભાગ દ્વારા ................................................ (જગ્યાનું નામ દર્શાવવું) ની જગ્યા પર ભરતી કરવા માટે રચવામાં આવેલ પસંદગી સમિતિ દ્વારા ભરતીના ...................................... (જગ્યાનું નામ દર્શાવવું) વર્ગ-૩ ની જગ્યાએ ભરતી કરવા સારૂ આપવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ................................................ ના અનુસંધાને યોજાયેલ સ્પર્ધાત્મક પરિણામના આધારે ........................................................ (જગ્યાનું નામ દર્શાવવું) વર્ગ-૩ ની નિમણૂક માટે ............................................................ (વિભાગ /ખાતા /કચેરીનું નામ દર્શાવવું) ની યાદી ક્રમાંકઃ ............................................................તારીખ .............................. થી મારી નિમણૂક અંગેના હુકમો મને આપવામાં આવેલ છે. તેના ફકરા-૮માં જણાવેલ શરત મુજબ હું સહી કરનાર શ્રી/શ્રીમતી/કુ. ............................................................ (ઉમેદવારનું નામ દર્શાવવું) યોગ્યતા ક્રમાંકઃ ............................................................ આથી લેખિત બાંહેધરી આપુ છુ કે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૬૯ અને તા.૧૨/૦૧/૭૦ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી-૧૦૬૮-૬૫૬૪-જી તથા તા.૨૪/૧૧/૯૫ ના ઠરાવ ક્રમાંકઃ વીસીએ-૧૦૯૮-યુ.ઓ.-૧૧૬-ગ.૨ માંની જોગવાઇ અનુસાર .......................................... (વિભાગ /ખાતા /કચેરીનું નામ દર્શાવવું) માં ............................................... (જગ્યાનું નામ દર્શાવવું) વર્ગ-૩ તરીકેની મારી નિમણૂક નિયમાનુસાર આવશ્યક ચારિત્ર્ય અને પૂર્વવૃત્તાંત અંગેની પોલીસ તપાસ તેમજ તબીબી તપાસને આધીન રહેશે. તે મને સ્વીકાર્ય છે. તે વિના જો મને ........................................ (જગ્યાનું નામ દર્શાવવું) વર્ગ-૩ ની જગ્યા પર નિમણૂક આપવા સારૂ કરારના ધોરણે પણ નિમણૂક આપવામાં આવશે તો અને ત્યારબાદ, પોલીસ અથવા તબીબી તપાસમાં નિમણૂક માટે અયોગ્ય ઠરીશ તો મને ................................................... (જગ્યાનું નામ દર્શાવવું) વર્ગ-૩ તરીકે આપવામાં આવેલ આવી નિમણૂક કોઇ પણ જાતની નોટીસ આપ્યા વિના અને કોઇ પણ જાતના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે તે મને સ્વીકાર્ય છે. અને તે જાણી-સમજીને હું આ નિમણૂક સ્વીકારૂ છું.

..................................................................................

નિમણૂક મેળવનાર ઉમેદવારની સહી

રાજ્યપત્રિત અધિકારીની સાક્ષીની રૂબરૂમાં

૧. સહી : ................................................

નામ : ................................................

હોદ્દો : ................................................

કચેરી : ................................................

૨. સહી : ................................................

નામ : ................................................

હોદ્દો : ................................................

કચેરી : ................................................